GJVD020754352026

**<u>પમાં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>**

**ફોજદારી કેસ નંબર–71940/2026**

**આંક–**

**ફરીયાદીઃ– શ્રી સરકાર**

**<u>વિરુદ્ધ</u>**

**આરોપીઃ– (૧) હફીજા વા/ઓ નજમુદીન અકબરઅલી કંજરીવાલા**
**(૨) મુબીન મહેમુદખાન પઠાણ**

**ગુન્હો:– <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ મુજબ.</u>**

## // <u>ચુકાદો</u> //

(૧) ફરીયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ વાડી પોલીસ સ્ટેશન પાર્ટ બી–ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૬૦૩૫૨૬૦૦૬૮/૨૦૨૬ થી બી.એન.એસ. એકટની કલમ–૨૨૩ મુજબનો ગુનો નોંધાયેલ તે સંદર્ભે પોલીસે ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદર કામે ચાર્જશીટ રજુ થતાં, આરોપીઓ સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે અને આરોપીઓએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી, પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી નોંધતા, તેમાં પણ આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મજુરી કરી, તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે અને ભવિષ્યમાં આવા પ્રકારનાં કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહીં, તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોક્ત હકીકત, કેસના સંજોગો તેમજ હાલના આરોપીઓનું નિવદેન ધ્યાને લેતાં, આ કામના આરોપીઓની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. આરોપીઓને કોઈએ લાલચ કે પ્રલોભન આપેલ નથી. આમ, આરોપીઓની સ્વૈચ્છીક કબુલાત, ગુનાની ગંભીરતા, ગુના અંગે સજાની જોગવાઈ તેમજ આરોપીનો પ્રથમ ગુનો હોય તેના સંજોગો અને પરિસ્થિતિ ધ્યાને લેતા તથા ન્યાયનો હેતુ નઝર સમક્ષ રાખતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – <u>આખરી હુકમ</u> –

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે આ કામના આરોપીઓ **(૧) હફીજા વા/ઓ નજમુદીન અકબરઅલી કંજરીવાલા (૨) મુબીન મહેમુદખાન પઠાણ** નાઓને **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **આરોપી દીઠ <u>રૂ.૫૦૦/– (રૂ.૫૦૦ x ૨=૧૦૦૦) (અંકે રૂપિયા એક હજાર પુરા)</u>**નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, **દિન–૫ ની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
વડોદરા.

**(ધીરેન્દ્રસિંહ જગરૂપસિંહ રાજપુત)**
૫માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(જજ કોડ–જીજે૦૦૯૫૮)